# ડેથ ઓન ધ મારાઈસ




વેસ્ટર્ન પેરીસના કિલચી-નાનટેરે ડિસ્ટ્રીક્ટમાં ઈન્સ્પેક્ટર લુકાસ રોકોએ એક અચ્છા પોલીસમેન તરીકે નામના મેળવી હતી. પરંતુ ઈન્ટીરિયર મિનીસ્ટ્રીમાં બધાં એને 'મીજાજી-અભિમાની તથા ધાર્યું જ કરે એવા કોપ' તરીકે ઓળખતા. છેવટે લુકાસ રોકોની બદલી થઈ. નોર્થર્ન ફ્રાન્સના ચોતરફ સરોવરો, કેનાલ અને ઝરણાઓથી છવાયેલા માર્શલેન્ડઝની વચ્ચે વસેલા એક દૂરના 'મોરાઈસ' નામના ગામડામાં ઈન્સ્પેક્ટર લુકાસની બદલી થઈ. ગામડુ નાનું અને શાંત સ્થળ! પણ ઈન્સ્પેક્ટર માટે આ શાંતિ ક્ષણજીવી જ નીવડી! ગામના છેડે રેલ્વેના સ્ટેશનમાસ્તરે ગામડામાં વર્ષોથી રહેતી મહિલા ક્લોડને જાણ કરી કે સ્ટેશનની પાસેના કબ્રસ્તાનના માળી જોન કૂકે સવારે કામ પર પહોંચતા જ એક મહિલાનું 'શબ' જોયું હતું! જોન કૂક ત્રણ દિવસ પછી પહેલી વખત કામે ગયો હતો. તેણે શબ જોયું ત્યારે ત્યાં બીજું કોઈ હતું નહીં! પેરીસથી આટલે દૂર પણ પોલીસમેનને એનું મનગમતું કામ આટલું જલ્દી મળી જશે એવી એને કલ્પના પણ ન હતી. ૧૯૬૦ના દાયકામાં ઉત્તર ફ્રાન્સમાં ગેસ્ટાપોના યુનિફોર્મ પહેરેલી મહિલાનો મૃતદેહ બ્રિટિશ વોર ગ્રેવ્ઝ વચ્ચેના ચર્ચની પાછળની સેમેટરીમાંથી મળી આવે તે વાત ગામડાની નાની એવી વસાહત માટે સનસનાટીભરી હતી! ક્લોડ સાથે લુકાસ સ્થળ પર પહોંચ્યો. મૃતદેહના ચહેરા પર કોઈ નિશાન હતા નહીં. ગળે એક નહીં જેવો ઉઝરડો પડેલો હતો. પગે ઘાસના વેલા અને લીલી શેવાળ બાઝેલા હતા. યુનિફોર્મના સ્કર્ટ નીચેની ચામડી પર હાથ ફેરવતા ચીકણા પ્રવાહીનો થર બાઝેલો જણાયો. એક કાને પીળા-વ્હાઈટ રંગનું એરીંગ એણે પહેરેલું હતું. ઈન્સ્પેક્ટરને માર્શલેન્ડઝ વચ્ચે વસેલા નાના ગામડાની શાંતિ વચ્ચે ઈન્ડોચાઈનાના લોહિયાળ અનુભવોની યાદ આવતા તેના શરીરમાં એક આખી ધ્રૂજારી ફરી વળી! હવે, વાંચો એડ્રિયન મેગસને લખેલી 'ડેથ ઓન ધ મારાઈસ!'

**Death On The Marais.** By Adrian Magson. Publishers: **Allison & Busby Ltd.** ISBN: 978-0-7490-0991-5. £7.99.